

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ,
અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ,
૨૬ જાન્યુઆરી ૨૦૧૮

**મુનિ** વેદવ્યાસ રચિત 'મહાભારત' - આવડા મોટા ગ્રંથમાંનું એક ચૅપ્ટર એ આ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' છે. આમાં અર્જુનના મનની શંકાઓ દૂર કરવા માટે પ્રભુએ જવાબ આપ્યા છે એટલે આખા શાસ્ત્રની રચના પ્રશ્ન ને ઉત્તરના સ્વરૂપે કરવામાં આવી છે. પાંડવો અને કૌરવોના કુળના કલહની આખી વાત આ ગ્રંથમાં સમાવી અને એ કલહ વચ્ચેથી અંતર્‌શાંતિ, સમતા અને મોક્ષનો માર્ગ પ્રાપ્ત કરવાનો જે ભગવાને બોધ આપ્યો છે તે આ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના પ્રકરણમાં છે. અઢારેઅઢાર અધ્યાયનાં નામ આપ્યાં છે, જેમાં પહેલા અધ્યાયનું નામ છે 'અર્જુન વિષાદયોગ'. ત્રણ દિવસની આપણી કથામાં મુખ્ય મુખ્ય વાત આપણે લઈશું, જે આપણા જીવન સાથે જોડાયેલી છે.

આપણી ઋષિસંસ્કૃતિ અને ભક્તિમાર્ગના બે ઉત્તમ ગ્રંથો છે. ભગવાન શ્રી કૃષ્ણના જન્મથી જીવનકાર્યની કથા કહેતો ગ્રંથ 'શ્રીમદ્ ભાગવત', એ પણ વ્યાસમુનિની રચના અને બીજું 'મહાભારત', જેમાંથી આપણને કામ લાગે તેવી જે બાબત તે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા.'

સંતોએ એમ કહ્યું છે કે, જ્યારે 'ભગવદ્ ગીતા'નો સ્વાધ્યાય કરો ત્યારે એવી રીતે કરવો કે, 'હું અર્જુન છું અને ભગવાન શ્રી કૃષ્ણ સાક્ષાત્ મારી શંકાઓનું નિવારણ કરી રહ્યા છે.' હમણાં જ મહંતસ્વામીમહારાજે એક બહુ સુંદર વાત કરી કે, 'દરરોજ પ્રાર્થનામાં એમ કહેવું કે, અક્ષરરૂપે હું શ્રી પુરુષોત્તમનો દાસ છું.' ગુણાતીતાનંદસ્વામીજીએ પણ આ વાત વર્ષો પહેલાં આપણને કહી છે કે, 'હું દેહ નથી, હું આત્મા છું અને મારે વિષે પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ સદાય વિરાજમાન છે એમ માનવું.'

મહાભારતના અઢાર દિવસના યુદ્ધમાં કૌરવો-પાંડવોની વાત આપણે લંબાણપૂર્વક કરતા નથી. કારણ કે, આપણી અંદર જ કૌરવો અને પાંડવોનું જાગીએ ત્યાંથી સૂઈએ અને સ્વપ્નમાં પણ સતત યુદ્ધ ચાલ્યા કરતું હોય છે. આપણા આ જીવમાં રહેલા આસુરીભાવ અને દૈવીભાવની વચ્ચેનો દ્વંદ્વ સતત ચાલ્યા કરે છે. અને એટલે જ સંતોએ આપણને 'ગીતા'નો સ્વાધ્યાય કરીએ ત્યારે આપણી અંદર ચાલી રહેલા યુદ્ધને સમજવાની અને એમાંથી યોગ્ય જવાબ ભગવાન શ્રી કૃષ્ણ પાસેથી મેળવવાની વાત કરી છે, જેને 'ગીતા'નો સ્વાધ્યાય કહેવાય. બીજા અધ્યાયનાં 'સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો'નો મુખપાઠ ઘણે ઠેકાણે, ઘણા સત્સંગમાં આપણે સાંભળીએ છીએ, પણ એના અર્થને પામવો અને જીવનની રોજિંદી ક્રિયાઓમાં એને ચરિતાર્થ કરવો એ સ્વાધ્યાય- સ્વઅધ્યયન સતત ચાલતું હોય છે.

કથાનો પ્રારંભ ધૃતરાષ્ટ્ર અને સંજયના સંવાદથી થાય છે. સૌથી પહેલી વાત અને પહેલો શ્લોક છે તેમાં ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે કે, 'હે સંજય ! ધર્મક્ષેત્ર જેવા કુરુક્ષેત્રમાં યુદ્ધની ઈચ્છાથી ભેગા થયેલા મારા અને પાંડવોના પુત્રોએ શું કર્યું ?' 'મહાભારત'નું મૂળ કારણ આ 'મારા' અને 'પાંડવોના' એ જે ભેદ ધૃતરાષ્ટ્રના મનમાં હતો, એમના વર્તનમાં હતો, એમના જીવનમાં હતો; એ હતું. એને કારણે કુટુંબક્લેશની આ કથાને 'મહાભારત' નામ આપવામાં આવ્યું.

પરિવારમાં અને એનાથી આગળ વધીને સમાજ અને રાષ્ટ્રમાં પણ જ્યારે 'મારા' અને 'તારા' એમ બે ભેદ પડે છે, બે પક્ષ પડે છે ત્યારે સ્વાભાવિક રીતે દ્વંદ્વ શરૂ થાય છે. સારા ને નરસાનો, શુભ ને અશુભનો, દૈવી ને આસુરીનો; જુદા જુદા સ્વરૂપે, જુદા જુદા સમયે એ દ્વંદ્વ આપણા જીવનમાં પ્રગટ થતો હોય છે. આ ઉપદેશની શરૂઆત મૂળ રોગ અને અનિષ્ટનો ઉલ્લેખ કરીને વ્યાસજીએ આ ગ્રંથના અધ્યાયની સુંદર રીતે શરૂઆત કરી છે !

સંજય આખી યુદ્ધભૂમિનું વર્ણન કરે છે. અને એ વર્ણનની અંદર બધા યોદ્ધાઓની નામાવલિ સાથે કોણ કેવી રીતે કેવાં શસ્ત્રો સાથે ક્યાં ઊભા છે તે જોવાની ઈચ્છા અર્જુનને થાય છે. આ શાસ્ત્રોની રચના ઋષિમુનિઓએ બહુ ખૂબીપૂર્વક કરેલી છે. આપણે જેની સાથે નિસબત છે એ આપણામાંનો અર્જુન - પ્રતીકસ્વરૂપે અર્જુન, ભગવાન શ્રી કૃષ્ણ જેના સારથિ બન્યા છે- રથ હાંકનારા બન્યા છે એમને એમ કહે છે કે, 'બે સેનાની મધ્યમાં રથ લો. મારે જોવું છે કે, મારા પક્ષે રહીને કોણ કોણ યુદ્ધ કરવાનું છે અને મારી સામે પણ કોણ કોણ યુદ્ધની તૈયારી કરી લાવ્યા છે.'

આપણા જીવનમાં સવારથી સાંજ સતત યુદ્ધ ચાલ્યા કરતું હોય છે. જો યુદ્ધ જીતવું હોય તો દરેક વ્યક્તિએ પોતાની ખૂબીઓ અને ખામીઓનું

અધ્યયન કરવું જોઈએ. આપણને ઈશ્વરદત્ત જે ખૂબીઓ આપી છે એ આપણા પર ઈશ્વરના આશીર્વાદ છે, માતા-પિતાના રૂડા સંસ્કાર છે. અને આપણી જે ખામીઓ છે-ત્રુટિઓ છે જેના પર આપણે વિજય મેળવવાનો છે; એટલે કે આપણે આપણી પોતાની જાત સાથે યુદ્ધ કરવાનું છે. અને ત્યાં આપણા માર્ગદર્શક, સહાયક, પ્રેરણા અને બળના દેનારા પ્રભુ આપણી સાથે છે.

રથના ચાલક તરીકે અર્જુન ભગવાન શ્રી કૃષ્ણને આજ્ઞા કરે છે કે, 'બંને સેનાની વચ્ચે આપણો રથ લો.' અને અર્જુન પોતાના પક્ષે રહેલા રાજા-મહારાજાઓ ને સામે પક્ષેથી યુદ્ધ કરવા માટે આવેલા રાજા-મહારાજાઓને જોઈને ગ્લાનિ પામી જાય છે. કથા ત્યાંથી શરૂ થાય છે એટલે આ અધ્યાયનું નામ આપ્યું છે - 'અર્જુનનો વિષાદયોગ.' અર્જુન ભીષ્મ પિતામહને જુએ છે કે, જેના ખોળામાં મોટા થયા ! ગુરુ દ્રોણાચાર્યને, ગુરુ કૃપાચાર્યને જુએ છે કે, જેમની પાસેથી શસ્ત્ર અને શાસ્ત્ર શીખ્યાં ! પોતાના ભાયાતોને - કાકા-બાપાના દીકરાઓને જુએ છે અને એને એમ થાય છે કે, આ બધાને મારીને મને જે રાજ્ય મળશે તે કેવું હશે ?

પહેલા અધ્યાયની બીજી એક ખૂબી છે. ક્યારેક આપણે પણ આપણા ગુરુ સાથે સંવાદ કરીએ ત્યારે આપણી સમજણ ને આપણું ડહાપણ આપણે જે રીતે રજૂ કરીએ છીએ અને પોતાની વાતને સાચી ઠેરવવા માટે ક્યાં સુધીની દલીલ કરીએ છીએ; એ આપણામાંનો અર્જુન, આ પહેલા જ અધ્યાયમાં દર્શન આપે છે, એનું સ્વરૂપ બતાવે છે.

સંજય વર્ણન કરે છે કે, 'અર્જુનનાં ગાત્રો ઢીલાં પડી ગયાં. એના હાથમાંથી ગાંડિવ સરી પડ્યું ને નીચે બેસી ગયો ને કહ્યું કે, મારે યુદ્ધ કરવું નથી. આવું યુદ્ધ કરવાથી શો ફાયદો થશે ?' યુદ્ધ જીતવું હોય તો જેના ખોળામાં ઊછર્યા તે પિતામહને મારવા તો પડે જ અને તો જ યુદ્ધ જિતાય, કાં તો પછી તે આપણને મારી નાખે. એટલે અહીંયાં મૃત્યુનું સામ્રાજ્ય છે. કાં એ મરવાના, કાં અમે મરવાના. એટલે એ ડાહ્યો થઈને ભગવાનને કહે છે કે, 'આ બધાને મારીને મને કેટલું બધું પાપ લાગશે ને એ પછી જે રાજ્ય મળ્યું તે રાજ્યથી મને શું સુખ પ્રાપ્ત થશે ? અને અમારાં આવાં વર્તન જોઈને, શીખીને અમારી જે પ્રજા ઉત્પન્ન થશે તે અમારા જીવનમાંથી શો બોધપાઠ લેશે ?' તે આવનારી પેઢીની પણ ચિંતા કરે છે. 'વર્ણસંકર પ્રજા પેદા થશે' એવો શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે, એટલું બધું એ કહે છે.

અહીં એમ કહું કે, 'વચનામૃત' અને 'સ્વામીની વાતો' એ બંનેમાં સ્વામિનારાયણ ભગવાને અને ગુણાતીતાનંદસ્વામીએ કહેલાં જે કથન છે, એ આ વૈદિક સંસ્કૃતિના આધારે છે. જે અહીંયાં ના સમજી શકીએ તે વધારે સરળ ભાષામાં જુદી જુદી રીતે એનું અર્થઘટન કરીને સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્રથમના પહેલા વચનામૃતથી છેલ્લા વચનામૃત સુધી આ વાત ધીરે ધીરે સરળ ગુજરાતી ભાષામાં અઢારમી સદીમાં પોતાના ગામઠી અનુયાયીઓ સમજી શકે તેવી રીતે કહેલી છે. જે આજે આપણા માટે બહુ જ ઉપયોગી છે, આધારરૂપ છે. અને જેઓ નિયમિત 'વચનામૃત'નો સ્વાધ્યાય કરે છે, કર્યો છે તેમણે જોયું હશે કે, 'ભાગવત'ના ઘણા બધા શ્લોકોનો ઉલ્લેખ 'વચનામૃત'માં અને 'સ્વામીની વાતો'માં કરવામાં આવ્યો છે.

ભીષ્મ, દ્રોણ અને બધા રાજાઓની સામે રથને ઊભો રાખીને ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું, 'હે પાર્થ ! તું ભેગા થયેલા કૌરવોને જો.' રણમેદાનમાં ભેગા થયેલા કાકાઓ, મામાઓ, દાદાઓ, આચાર્યો, ભાઈઓ, પુત્રો, પૌત્રો અને મિત્રોને બંને સેનાઓમાં તૈયાર થયેલા જોઈને બહુ જ શોકમાં આવીને કરુણાથી અર્જુન આમ બોલ્યા કે, 'હે કૃષ્ણ ! યુદ્ધની ઈચ્છાથી ઊભેલા સ્વજનોને જોઈને મારાં અંગો ઢીલાં થાય છે, મુખ સુકાય છે, શરીર કાંપે છે અને મારાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે. હાથમાંથી ગાંડિવ લસરી પડે છે અને ચામડી પણ બળી રહી છે, વળી ઊભો રહી શકતો નથી અને મારું મન પણ ભમે છે. હે કેશવ ! આ યુદ્ધમાં સ્વજનોની હત્યા કરવામાં હું વિપરીત લક્ષણો જોઉં છું, સુખ તો જોતો જ નથી. હે કૃષ્ણ ! મને નથી વિજયની આશા કે નથી રાજ્યસુખની ઈચ્છા. હે ગોવિંદ ! અમને નથી આ રાજ્ય ભોગવવાની કે જીવનની પણ ઈચ્છા. જેમણે માટે અમે રાજ્યભોગ કે સુખની ઈચ્છા રાખીએ છીએ તે લોકો અહીં પ્રાણ આપવા અને ધનત્યાગ કરીને લડવા ઊભા છે. આચાર્યો, કાકાઓ, પુત્રો અને વળી દાદાઓ, મામાઓ, સસરાઓ, પૌત્રો, હે મધુસૂદન ! આ બધા મને મારી નાખે તોપણ અને ત્રણેય લોકના રાજ્ય માટે પણ હું તેમને મારવા નથી ઈચ્છતો. તો પછી પૃથ્વીના રાજ્ય માટે તો શું કામ મારું ?'

અર્જુન પોતાને લડવાની ઈચ્છા નથી, એ ભગવાન શ્રી કૃષ્ણને શબ્દોના કેવા કેવા માધ્યમ દ્વારા એ સમજાવી રહ્યા છે ! 'હે જનાર્દન ! ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને અમને શો લાભ થશે ? એ પાપીઓને મારીને અમને પણ પાપ જ લાગશે. તેથી અમારે સ્વબંધુ કૌરવોને મારવા યોગ્ય નથી. હે માધવ ! સ્વજનોને મારીને અમે કેવી રીતે સુખેથી ભોગ માણી શકીશું ?'

યુદ્ધ જીતવું હોય તો કેવી સ્થિરતા જોઈએ ? તેનો અનુભવ અર્જુનને છે. આ યુદ્ધ તો મોડું શરૂ થયું, પણ એના પહેલાં દ્રૌપદી સ્વયંવરની પરીક્ષા અર્જુને કેવી રીતે પાસ કરી હતી તે વાત આપણે જાણીએ છીએ. તેવી અઘરી પરીક્ષા આપી ચૂકેલો, દ્રૌપદીને વરી ચૂકેલો અર્જુન એમ કહે છે કે, 'હું સ્થિર રહી શકતો નથી અને મારું મન ભમે છે.' આવા અનુભવી અર્જુનને પણ જ્યારે પોતે મનથી માનેલી માન્યતાનો મોહ વ્યાપી જાય છે ત્યારે હવે એ પોતે જ એમ કહે છે કે, 'મારી ચામડી બળે છે, હું ઊભો રહી શકતો નથી અને મારું મન ભમે છે. તો પછી લક્ષ્ય કેવી રીતે વીંધી શકશે ? યુદ્ધ કેવી રીતે જીતી શકશે ?' એટલે વિજયને વરવા માટે જે આવશ્યક બાબત છે એ આ છે.

ભગવાનની ધીરજ તો જુઓ ! કેટલી બધી શાંતિથી અર્જુનની વાત સાંભળે છે. જે જગતનિયંતા છે, જેનું ધાર્યું સઘળું થાય છે અને ભગવાને અહીં કહેલું છે કે, 'તું નહિ મારું તો આ તો બધા મરેલા જ છે. તું નિમિત્ત બન

અને નિમિત્ત બનીને કર્મ કર. તું ક્ષત્રિય છું, તારો ધર્મ છે.' આમ, ધર્મની વાત પણ ભગવાને બહુ સુંદર રીતે સમજાવી છે.

યુદ્ધ પહેલાંની વાત કહી તેમ યુદ્ધ પછીની પણ એક વાત વચ્ચે કહું. યુદ્ધ પૂરું થયું. ગાંધારીનો શાપ અને કુંતાના આશીર્વાદ લઈને ભગવાન દ્વારિકા પાછા આવે છે. તેમની આઠ રાણીઓમાંની એક પટરાણી રુકિમણી અને ભગવાન શ્રી કૃષ્ણ એકાંતમાં બેઠાં છે. ત્યારે ધર્મ સમજવાની ઈચ્છા રુકિમણીને પણ થાય છે. મહાભારતનાં જે પાત્રો છે તે બધાં આપણે જ છીએ. આપણે એમ નહિ માનતા કે, આ આમ ને આ તેમ; એ આપણી જ વાત છે. ક્યારેક આપણે એ જ છીએ. જેમ અર્જુને પહેલા અધ્યાયમાં પ્રશ્નો કર્યા એમ રુકિમણી ભગવાનને એમ કહે છે કે, 'તમે પાંડવોનો પક્ષ લઈને તેમને યુદ્ધ જિતાડી આપ્યું. પણ તમે કેટલું જૂઠું કર્યું, કેટલો અધર્મ કર્યો, કેટલું પાપ કર્યું ! તમે ભીષ્મ પિતામહને ખોટી રીતે માર્યા.' શિખંડીને વચ્ચે રાખ્યો તેથી ભીષ્મે શસ્ત્રો મૂકી દીધાં એટલે ભગવાને અર્જુનને કહ્યું કે, 'માર.' ત્યારે અર્જુન એમ કહે છે કે, 'ના મરાય. કારણ કે, તેમણે શસ્ત્રો મૂકી દીધાં છે.' ત્યારે ભગવાને કહ્યું કે, 'માર નહિ તો તે આપણને મારશે.' જ્ઞાનની વાત તો પછી કહે છે કે, 'બધા મરેલા જ છે.' પણ અહીં આ વાત સમજવા જેવી છે. કારણ કે, ભગવાન એમ કહે છે કે, 'તારા મનના માનેલા ધર્મો મૂકીને તારો ક્ષત્રિય તરીકેનો ધર્મ નિભાવ.'

ધર્મ વિશેની આપણી વ્યાખ્યાઓ, સાંપ્રદાયિક આપણી ટૂંકી સમજણોને લઈને આપણે આખી જિંદગી ફર્યા કરીએ છીએ. એમાં સમજવા જેવી બાબત કે, ધર્મ શું છે ? કારણ કે, ભગવાન શ્રી કૃષ્ણનો અવતાર અધર્મનો નાશ કરવા માટે અને ધર્મનું સ્થાપન કરવા માટે જ થયો હતો. એ વાતનું મિષ લઈને રુકિમણી એમ કહે છે કે, 'તમે તો ધર્મના સ્થાપનને અર્થે અવતર્યા અને તમારા હાથે જ અધર્મ થયો ?' એટલે ભગવાન એમને સાચા ધર્મની વ્યાખ્યા શિખવાડે છે. 'જુઓ રુકિમણી, જ્યારે રાજ્યસભામાં દ્રૌપદીની લાજ લુંટાતી હતી ત્યારે એ સભામાં સર્વોચ્ચ સ્થાને અને સૌથી વયોવૃદ્ધ અને સત્તાના ધારક ભીષ્મ પિતામહ હાજર હતા. એમણે જો એક પડકાર કર્યો હોત તો દુઃશાસનની હિંમત નહોતી, પણ પોતાના જ કુળની પુત્રવધૂની લાજ-મર્યાદાનું જ્યારે જાહેરમાં લિલામ થાય છે ત્યારે તે બેઠા રહ્યા. એને પરિણામે તેમણે આખી જિંદગીમાં જે વ્રત-પાલનનું પુણ્ય ભેગું કર્યું હતું તે બળીને ભસ્મ થઈ ગયું એટલે તેમને મારવામાં પાપ ના લાગે.'

આ વ્યાખ્યા ભગવાન શ્રી કૃષ્ણની છે. જ્યારે આપણે આપણી સમજણ પ્રમાણે પાપ અને પુણ્યની વ્યાખ્યા નક્કી કરેલી છે. ભગવાનની દૃષ્ટિએ ધર્મ શું છે ? તે ભગવાન આજના સમાજજીવનને અનુરૂપ બહુ સુંદર જવાબ આપે છે. તોપણ એક જવાબથી સંતોષ થતો નથી એટલે રુકિમણી બીજો પ્રશ્ન પૂછે છે, 'કર્ણ જેવો દાનવીર, જેણે પોતાના શરીરની રક્ષાનું કવચ-કુંડળ પણ તમે ગરીબ બ્રાહ્મણ બનીને ગયા તો તમને આપી દીધું, એને તમે કપટથી માર્યો એ અધર્મ ના કહેવાય ?' પોતાની પત્નીને ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ જવાબ આપે છે કે, 'કર્ણ દાનવીર અને પોતાના પ્રાણની ચિંતા કર્યા વગર કવચ-કુંડળ પણ અર્પણ કર્યાં, પણ બધા જ કૌરવ યોદ્ધાઓએ ભેગા થઈને એકલા-અટૂલા અભિમન્યુને માર્યો અને એ અભિમન્યુ જ્યારે ઘાયલ થઈને છેલ્લા શ્વાસ લઈને રણમેદાનમાં 'પાણી પાણી' એમ પોકાર કરી રહ્યો હતો, ત્યારે બધાને બધું આપનારો ઉદાર દાનવીર કર્ણ દુર્યોધન સાથેની મૈત્રીના કારણે-'દુર્યોધનને નહિ ગમે' એવા વિચારને કારણે એક ચાંગળું પાણી એના પગ આગળ લાંબો થઈને પડેલા અભિમન્યુને ના આપી શક્યો, જે અભિમન્યુએ એની પાસે માગ્યું. એટલે આખી જિંદગી કરેલાં દાનનું પુણ્ય બળીને ભસ્મ થઈ ગયું, એ પાપીને મારવામાં પાપ લાગે નહિ.'

આ લંબાણપૂર્વક દૃષ્ટાંતો એટલા માટે કહું છું કે, આજના સંદર્ભમાં ભગવાનની આ વાત સમજી શકાય. આપણે જે માન્યતાઓ લઈને ફરીએ છીએ, આપણા માપદંડથી આપણી સાથેની વ્યક્તિઓને, આપણા સાથીદારોને, આપણા સમાજને જે રીતે માપીએ છીએ અને આજનો મોટામાં મોટો રોગ કે, કોઈનાય માટે કશો પણ અભિપ્રાય આપવો હોય તો આપણે તૈયાર હોઈએ છીએ ને તરત સ્ટેટમેન્ટ આપી દઈએ છીએ. એ સ્ટેટમેન્ટ આપણે આપણી ફૂટપટ્ટીના આધારે આપીએ છીએ. શાસ્ત્રીજીમહારાજના સમયમાં આવી ગરબડ કરનારા એક સેવકને શાસ્ત્રીજીમહારાજે ચરોતરના પાટીદારની ભાષામાં એમ કહ્યું કે, 'અમારો ફૂટ અગિયાર ઈંચનો છે. હું કહું તે પ્રમાણે સારંગપુર મંદિરનો દરવાજો બનાવ.' એનો જે મિસ્ત્રી હતો તેના મગજમાં નહોતું ઊતરતું કે, આવડું મંદિર ને આવડો મોટો દરવાજો ! પણ આજે એ સારંગપુર મંદિરનો દરવાજો આપણા સંપ્રદાયનાં મંદિરોમાં એક ભવ્ય સ્મારક તરીકે પ્રખ્યાત થયો છે.

ભગવાન શ્રી કૃષ્ણ પણ અર્જુનને એ જ કહે છે કે, 'મારે શરણે આવ અને હું કહું એમ કર.' હવે, આ 'હું કહું એમ કર' એ તો મને-તમને-બધાંને પરિવારમાં માતા-પિતાને પણ એમ જ છે કે, 'અમે કહીએ તેમ કરો.' 'છોકરા અમારા કહ્યામાં રહેતા નથી, જવાનિયા અમારું સાંભળતા નથી.' ભગવાન તો એમ કહે કે, 'હું કહું એમ કર', પણ આપણે બધા જ એવું કહીએ છીએ. અને દરેક વ્યક્તિ એવી આશા રાખે છે કે, મારી સલાહ પ્રમાણે બધાએ ચાલવું જોઈએ, મારી શિખામણ બધાએ માથે ચડાવવી જોઈએ. પણ ભગવાન એક ઑથોરિટી છે, અંતિમ સત્તા છે, સર્જક છે, અનાદિ છે. તેઓ જ્યારે એમ કહે છે કે, 'મારે શરણે આવ અને હું કહું તેમ કર.' અઢારમા અધ્યાયમાં એ શ્લોક આવશે, પણ સમગ્ર એક ચિત્ર આપની સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું કે, 'કરિષ્યે વચનં તવ...' એ છેલ્લું જ્યારે આવે ત્યારે આધ્યાત્મિક પ્રગતિ માટે પણ શિષ્યે સાચા ભાવથી ગુરુનું શરણું-પ્રભુનું શરણું સ્વીકારવું એ બહુ આવશ્યક બાબત છે. અને એટલે ભગવાન વારંવાર ઘણી બધી બાબતોમાં અર્જુનને યાદ દેવડાવે છે.

'વિભૂતિયોગ' નામનો એક અધ્યાય આવશે, જેમાં ભગવાન અર્જુનને પોતાનું વિશ્વસ્વરૂપ બતાવે છે. આખી સૃષ્ટિ મારામાંથી સર્જિત થઈ છે અને મારામાં જ વિલીન થઈ રહી છે, મારા વતે જ એનું પાલન-પોષણ થઈ રહ્યું છે, તું કશુંય કરતો નથી. આ ભાન જ્યારે અર્જુનને થાય છે, એટલે કે પોતે હૃદયથી સ્વીકારે છે ત્યારે 'તમે કહો એમ કરવા હવે હું કબૂલ થઉં છું' એમ કહે છે. એટલે કે, ત્યાં સુધી એ શરણાગત થયો નથી માટે વારંવાર શંકાઓ કર્યા કરે છે અને વારંવાર પ્રશ્નો પૂછ્યા કરે છે. પણ તેને ધન્યવાદ આપવો ઘટે ! કે કોઈકે કહ્યું ને માની લીધું ને ગાડરિયા પ્રવાહની માફક ચાલી રહેલો અત્યારનો ધર્મ-સંપ્રદાય અને એની સામે આ જીવતોજાગતો અર્જુન ! જ્યાં સુધી પોતાનાં મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકારનો ભાવ એ પરમ તત્ત્વને સ્વીકારતો નથી ત્યાં સુધી ભલેને કૃષ્ણ છે, પણ તેઓ કહે એમ કરવા તૈયાર થતો નથી. આ વાત પણ સમજવા જેવી છે. આપણે તો લોલેલોલ મંડી પડ્યા છીએ ઉછીનો સત્સંગ લઈને. કોઈકે કહ્યું ને કોઈકને થયું એટલે આપણે પણ દેખાદેખીથી લાઇનમાં ઊભા રહી ગયા. શું છે ને કેમ છે તેની કાંઈ ખબર નથી અને સાચું પૂછોને તો શું જોઈએ છે તે જ ખબર નથી કે, કેમ લાઇનમાં ઊભા છીએ ? શું જોઈએ છે તે જ ખબર નથી તેને કારણે આપણે આ દ્વંદ્વમાંથી બહાર નીકળી શકતા નથી. અસમંજસતા – એનો પ્રત્યક્ષ અનુભવ અર્જુન અહીંયાં કરાવે છે.

'હે મધુસૂદન ! આ બધા મને મારી નાખે તોપણ આ ત્રણેય લોકના રાજ્ય માટે હું તેમને મારવા ઇચ્છતો નથી. તો પછી પૃથ્વીનું રાજ્ય મારે શું કામનું ?' ભગવાનને આગળ તે એમ કહે છે કે, 'હે કૃષ્ણ ! અધર્મ ફેલાવાથી કુળની સ્ત્રીઓ દોષમાં આવે છે અને વળી સ્ત્રીઓનાં પતનથી વર્ણસંકર જ પ્રજા પેદા થાય છે. કુળનો નાશ કરવાવાળા આવા વર્ણસંકરો કુળના નરક માટે જ વર્તે છે અને વળી શ્રાદ્ધ જેવી પિંડોદક ક્રિયાના અભાવે એમના પિતૃઓનું પણ પતન થાય છે. હે જનાર્દન ! જે મનુષ્યના કુળ-ધર્મનો નાશ થયો છે. એ લોકો નક્કી નરકે જાય છે એવું મેં સાંભળ્યું છે.' આપણે કેટલુંક સાંભળેલું છે, કેટલુંક વાંચેલું છે, પણ જે પરમ સત્ય છે તેને પામ્યા નથી ત્યાં સુધી તે અધૂરું છે. એટલે અર્જુન બહુ પ્રામાણિક માણસ છે. કેવા શોક અને પાપની વાત છે કે, 'અરેરે ! રાજ્યનાં સુખ અને ભોગને માણવાના લોભે સ્વજનોની હત્યા કરવા તૈયાર થઈ ગયા છીએ. માટે મારે સામે નથી થવું તોય જો ધૃતરાષ્ટ્રના શસ્ત્રધારીઓ મને શસ્ત્ર વગરનાને રણમાં મારી નાખે તોપણ એમાં મારું ભલું જ થશે.'

આ પ્રથમ અધ્યાયમાં ભગવાન શ્રી કૃષ્ણને કશુંય બોલવાનો મોકો મળતો નથી. તમે જુઓ, ભગવાન શ્રી કૃષ્ણની પ્રતિભાનું અવતારકાર્ય ધર્મનું સ્થાપન કરવાને અર્થે, અધર્મનો નાશ કરવા માટે, ઋષિ-મુનિઓ અને બ્રાહ્મણોની રક્ષા કરવા માટેનું હોવા છતાં તેઓ હાથમાં શસ્ત્ર લીધા વગર યુદ્ધના મેદાનમાં ઊતરે છે અને જેણે શસ્ત્રો નીચે મૂકી દીધાં છે તેને સમજાવે છે, પ્રેરે છે ને લડવા માટે તૈયાર કરે છે ; તે અઢારમા અધ્યાય સુધીની કથા છે.

બીજો અધ્યાય છે 'સાંખ્યયોગ.' એમાં ભગવાન પોતાના યુગકાર્યનું દર્શન કરાવે છે. બીજા અધ્યાયના બીજા શ્લોકમાં ભગવાનને બોલવાનો મોકો મળે છે. શોકમાં ડૂબેલા, આંસુ ભરેલા, વ્યાકુળ નેત્રવાળા દુઃખી અર્જુનને મધુસૂદને આ શબ્દો કહ્યા, 'હે અર્જુન ! આર્યને ન શોભે તેવી અને સ્વર્ગથી દૂર રાખે ને બદનામ કરાવે તેવી આ શોકની વિષમ ઘડી તને ક્યાંથી આવી ? હે પાર્થ ! તું કાયર ના થા. આમાં તારી શોભા નથી. હે પરંતપ ! તુચ્છ હૃદયની દુર્બળતા ત્યજીને તું ઊભો થા.' પછી તેને સાંખ્યશાસ્ત્ર શિખવાડે છે.

સાંખ્ય એટલે બધું જ ખોટું છે, બધું જ નાશવંત છે અને જે કંઈ પણ છે તે પ્રભુની લીલા છે ; આ આપણા વેદાંતનો મુખ્ય આધાર છે. સાંખ્ય એટલે શું ? તો ગુણાતીતાનંદસ્વામીએ એક 'વાત'માં સમજાવી દીધું કે, 'મરનારાને શીદ રડો છો, રડનારાં નથી રહેવાનાં; તોપને મોઢે તુંબડાં, તે સર્વે ઊડી જાવાનાં.' કોઈકનું મરણ થયું તેની પાછળ આપણે રડીએ છીએ, પણ કાલે આપણું પણ મરણ થવાનું છે, એટલે જે અત્યારે મરણની પાછળ રડી રહ્યાં છે તે પણ નથી રહેવાનાં.

ભગવાને ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની વાત આ બીજા અધ્યાયમાં સમજાવી છે. 'આત્મા અવિનાશી છે, શરીર એ આત્માને રહેવા માટેનું પરબીડિયું છે. જેનો કદી વધારો-ઘટાડો થતો નથી, જેનો કોઈ વિનાશ કરી શકતું નથી, જેનાથી આ બધું વ્યાપિત છે તે આત્માને તું અવિનાશી જાણ. અવિનાશી, અમાપ અને નિત્યદેહધારીનું આ શરીર છે તે અંતવાળું છે, તેથી હે ભારત ! તું યુદ્ધ કર.' ભગવાન વારેવારે યુદ્ધમાંથી પાછા હટેલા અર્જુનને સમજાવે છે. 'આત્મા નથી કોઈને મારતો કે નથી કોઈનાથી મરાતો. કદી જન્મતો નથી અને મરતો પણ નથી. તે અજન્મા છે, નિત્ય છે, સનાતન છે. પૂર્વેથી ચાલ્યો આવે છે અને શરીરના મરવાથી તે મરતો નથી.'

હમણાં મહંતસ્વામીએ જે મંત્ર આપ્યો, જે વાત સમજાવી તે આ વાત સમજાવી છે. 'આપણે આપણી પોતાની જાતને અક્ષર માનીએ અને અક્ષરરૂપે રહીને પુરુષોત્તમના દાસ બનીને આપણા ભાગે આવતી, આપણા સ્વધર્મ પ્રમાણેની ક્રિયાઓને કરતા રહીએ.' દાસ એટલે સેવક-નોકર, કહીએ એમ કરે તે. શરણે આવ્યો છે તે. અને સાચી મુમુક્ષુતાનું છેલ્લું લક્ષણ જે છે તે 'દાસ્ય' છે. નવધા ભક્તિનાં નવ પગથિયાંમાં છેલ્લા તબક્કાનો જે ભાવ આવે છે તે ભગવાનનું ભજન કરો, કીર્તન કરો, પૂજન કરો, અર્ચન કરો જે કંઈ પ્રેમથી એમના ઉપર ધરાવવું હોય, ચડાવવું હોય, મનોરથ કરવો હોય તે બધું કરો, પણ 'પ્રભુ ! હું તમારો દાસ છું.' દાસ્યમ્ – સખ્યમ્ અને આત્મનિવેદનમ્ ; એ નવધા ભક્તિનું સાતમું-આઠમું અને નવમું પગથિયું છે. એ દાસભાવ જ્યારે આવે છે ત્યારે 'હું પ્રભુનો ને પ્રભુ મારા.' હવે હું યંત્ર બની ગયો, એમનું ઈન્સ્ટ્રુમૅન્ટ બની ગયો, હથિયાર બની ગયો. એમની ઈચ્છા પ્રમાણે એ જેમ કહેશે તેમ કરવા માટે તૈયાર થયો. એ 'કરિષ્યે વચનમ્ તવ.' તમે કાંઈ પણ વાત કરો, પણ છેવટે તો જે સનાતન સત્ય અને સિદ્ધાંત છે એ જ આવશે, જે જુદા જુદા ઠેકાણે જુદા જુદા શબ્દોના માધ્યમથી કહેવાયું હોય છે. *(ક્રમશઃ)* ◆